IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત વ્યાવસાયિક શિક્ષણ

**Dr.Shitalkumari N. Vasava**
**Assistant Professor,**
**Shrirang Shikshan Mahavidyalay,**
**Bilimora**

**Abstract**

રાષ્ટ્રીય નીતિ 2020 21 મી સદીના ભારતને નવા ભારતનો પાયો નાખનારી છે. 21મી સદીના ભારતના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જરૂરી છે તેના પર ધ્યાન આપવામાં આવ્યું છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે ભારતના નાગરિકોને કાર્યક્ષમ કૌશલ્યવાન સશક્ત બનાવવાનો ભાર નવી શિક્ષણ નીતિમાં મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં 5+3+3+4 નું નવું માળખું અપનાવ્યું છે બાળકોના કૌશલ્યોનો વિકાસ થાય તેવી તાલીમ તેમને શાળા કક્ષાએથી જ મળે આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં ખાસ જોગવાઈ છે. માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ તબક્કાવાર રીતે શૈક્ષણિક તકોના રૂપમાં સંકલિત કરવામાં આવશે અને માધ્યમિક શાળાઓ આઈ.ટી.આઈ, પોલીટેકનીક, સ્થાનિક ઉધોગોનો સહયોગ કરાશે. બાળક શિક્ષણ મેળવ્યા બાદ બેરોજગાર બેસી ન રહે, પોતાનામાં જે કૌશલ્ય છે તેનો ઉપયોગ કરીને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે માટે આ શિક્ષણ નીતિમાં વ્યવસાય શિક્ષણ પર વધુ ભાર મુકાયો છે.

**Key words: રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020, વ્યાવસાયિક શિક્ષણ**

**પ્રસ્તાવના**

ભારતની આઝાદી બાદ ભારત પાસે શિક્ષણ પ્રત્યે ની કોઈ નીતિ ન હતી કોંગ્રેસના એક સંસદે 1 મે 1964ના રોજ લોકસભામાં એક ઠરાવ રજૂ કર્યો કે સરકાર શિક્ષણ પર પૂરતું ધ્યાન આપી રહી નથી અને કેન્દ્રમાં શિક્ષણ માટે દ્રષ્ટિ અને ચોક્કસ માર્ગદર્શનનો અભાવ છે તેમણે સૂચવ્યુ કે સાંસદોની સમિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રચના પર ધ્યાન આપવું. જોઈએ શિક્ષણ પ્રધાન એમ.સી. છગલાએ સંબોધન કર્યું કે શિક્ષણ અંગે રાષ્ટ્રીય સંકલિત નીતિ હોવી જોઈએ તેમણે જાહેરાત કરી કે સરકાર રાષ્ટ્રીય આયોગની સ્થાપના કરશે યુજીસી અધ્યક્ષ ડી.એસ. કોઠારીની અધ્યક્ષતામાં 17 સભ્યોના શિક્ષણ આયોગની સ્થાપના 1964માં કરવામાં આવી હતી. આ કમિશનના સૂચનોને આધારે સંસદે 1968માં પ્રથમ NEP પસાર કરી. ત્યારબાદ સમયાંતરે રાષ્ટ્રીય શિક્ષણનીતિ આવતી ગઈ અને શિક્ષણ અંગે સૂચનો થતાં ગયા. 1986માં આવેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પણ અસરકારક રહી પરંતુ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એ અન્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કરતા અસરકારક પુરવાર થશે એવું લાગી રહ્યું છે.

દરેક દેશ પોતાની શિક્ષણ નીતિ પોતાની શિક્ષણ પદ્ધતિના લીધે અને પોતાના રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડાણ કરીને પોતે નિર્ધારિત કરેલા લક્ષ્યોને પામવા માટે આગળ વધે છે, એ આવનારી પેઢીને ભવિષ્ય જેનાથી ઘડાય છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણનીતિના પાયામાં પણ આ જ વાતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય નીતિ 2020 21 મી સદીના ભારતને નવા ભારતનો પાયો નાખનારી છે. 21મી સદીના ભારતના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જરૂરી છે તેના પર ધ્યાન આપવામાં આવ્યું છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે ભારતના નાગરિકોને કાર્યક્ષમ કૌશલ્યવાન સશક્ત બનાવવાનો ભાર નવી શિક્ષણ નીતિમાં મૂકવામાં આવ્યો છે.

પરિવર્તન એ સંસારનો નિયમ છે અને સમય સમય પર દરેકે બદલાવું જ રહે છે. જુની નીતિમાં બદલાવ આવતા રહે તો જ આપણે આ સ્પર્ધાત્મક જમાનામાં ટકી શકીએ છીએ શિક્ષણ પ્રત્યે પણ આપણે એવું જ કહી શકીએ ૨૧મી સદીના શિક્ષણની માંગ કંઈક અલગ છે તો તેને પહોંચી વળવા માટે આપણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં એવો બદલાવ લાવીએ કે જેથી દેશનો દરેક યુવાન શિક્ષણ મેળવી લે અને શિક્ષણ મેળવ્યા બાદ પોતે સારો વ્યવસાય કરી શકે તેની તાલીમ પણ શાળા કક્ષાથી લઈને કોલેજ કક્ષા સુધી મળે અને વ્યવસાય પ્રત્યેની સૂગ બાળકો તેમજ યુવાનો માંથી દૂર કરી શકીએ એ જ આપણી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મૂળ ભાવ રહ્યો છે. માટે જ અધ્યેતા એ આ વિષય પસંદ કર્યો છે: **નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 20 20 અંતર્ગત વ્યાવસાયિક શિક્ષણ**

**શબ્દોની સમજ**

સંશોધનમાં ઉપયોગમાં લેવાતા શબ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે.સંશોધનમાં દરેક શબ્દનો ચોક્કસ અર્થ છે જેને સંશોધન સમસ્યા અને તેના ઉકેલને સમજવા માટે સમજવાની જરૂર છે. તે વાચકોને સંશોધનમાં કયા સંદર્ભમાં શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેની સ્પષ્ટ સમજણ આપે છે. પ્રસ્તુત અભ્યાસમાં વપરાતા મુખ્ય શબ્દો નીચે મુજબ હતા:

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020**

21મી સદીની પ્રથમ શિક્ષણનીતિ છે અને તે 34 વર્ષ જૂની શિક્ષણ પરની રાષ્ટ્રીય નીતિ 1986નું સ્થાન લે છે ભારતની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 જેને 29 જુલાઈ 2020 ના રોજ ભારતના કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. NEP 2020 પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ તેમજ ગ્રામીણ અને શહેરી ભારતમાં વ્યવસાયિક તાલીમ માટેનું એક વ્યાપક માળખું છે. આ નીતિનો હેતુ 2040 સુધીમાં ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો છે.

**વ્યાવસાયિક શિક્ષણ**

વ્યવસાય એટલે માણસ દ્વારા કોઈપણ પ્રકારનું કાર્ય કરીને તેના બદલામાં મહેનતાણું મેળવવું

Work or labour is intentional activity people perform to support them selves.

વ્યાવસાયિક શિક્ષણ એટલે એવું શિક્ષણ જે તે વ્યવસાયમાં પારંગત થવાની તાલીમ અપાતી હોય તે તાલીમ મેળવ્યા બાદ વ્યક્તિ જે તે વ્યવસાયમાં પારંગત બની શકે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની પૂર્વભૂમિકા**

વિશ્વમાં ઝડપથી બદલાવ આવી રહ્યા છે અને એ ઝડપથી બદલાતા વિશ્વ સાથે તાલ મેળવવાની સાથે પોતાની સંસ્કૃતિની ઓળખને ટકાવી રાખવાનું કાર્ય શિક્ષણ દ્વારા શક્ય બને છે. શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તન લાવી શકીએ છીએ તેથી તત્કાલીન સરકારે પણ 2016 થી શિક્ષણ નીતિમાં બદલાવ લાવવાની શરૂઆત કરેલી અને દેશના સહિયારા પ્રયાસથી 29મી જુલાઈ 2020ના રોજ ભારત દેશની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના રોજ રજૂ કરવામાં આવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ વિદ્યાર્થીને ભારતના મૂળ જ્ઞાન, પરંપરા,સાંસ્કૃતિક મૂલ્યો, કલાઓ સાથે જોડી રાખીને વર્તમાન સમયની માંગ અને દેશના વિકાસ માટે હરણફાળ ભરવા માટેની તક પુરી પાડવા માટે સમર્થ છે.

વિશ્વ સાથે તાલ મેળવવા માટે ભારતની શિક્ષણ પદ્ધતિમાં શાળાના અભ્યાસક્રમ 10 + 2 નું માળખું હતું, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં 5+3+3+4 નું નવું માળખું અપનાવ્યું છે. અત્યાર સુધીની શિક્ષણ પદ્ધતિમાં બાળક શું વિચારે છે? What to think તે અગત્યનું હતું જ્યારે આ શિક્ષણ નીતિમાં બાળકે કેવી રીતે વિચારવું How to think? ને મહત્વનું ગણાવ્યું છે. આ ઉપરાંત બાળક જે વાતાવરણમાં રહે છે તેના ઘરમાં જે ભાષા બોલાય છે તે જ ભાષામાં તે ધોરણ પાંચ સુધીનો શિક્ષણ મેળવે જેથી બાળક ખૂબ જ આસાનીથી કોઈ પણ પ્રકારના માનસિક ભારણ વિના ભણી શકે અને તેનાથી બાળકોની સમજનો પાયો મજબૂત થશે જેથી તેના ભણતરનો પાયો મજબૂત થશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં વ્યાવસાયિક શિક્ષણ પર પણ એટલો જ ભાર આપવામાં આવ્યો છે ગાંધીજીની જે બુનિયાદી કેળવણીની સંકલ્પના હતી તે આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં સાકાર થશે. બાળકોમાંથી વ્યવસાય પ્રત્યેની જે સુગ  હતી તે દૂર થઇ શકશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં બીજી નવી વાત એ છે કે વિદ્યાર્થી કોઈપણ ફેકલ્ટીનો હોય તેને જે વિષયમાં રસ છે તે વિષય પણ ભણી શકશે એટલે કે વિજ્ઞાન વિષય સાથે તે આર્ટસ કે કોમર્સના વિષયો રાખીને પણ ભણી શકશે એટલે કે વિષય પસંદગીની તક મળશે. વિદ્યાશાખાઓ બાધ નીકળી જશે. આમ આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલથી સમાજમાં પરિવર્તન લાવી શકાશે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વ્યાવસાયિક શિક્ષણની હિમાયત**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 માં વ્યાવસાયિક શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો છે.પ્રાથમિક શાળામાં બાળકોને રોજગારલક્ષી તાલીમ મળે તેની કાળજી રાખવામાં આવી છે, જેથી કરીને બાળક શાળા શિક્ષણ પૂરું કરીને તેને પોતાનો વ્યવસાય શરૂ કરવો હોય તો તે શરૂ કરી શકે. બાળકોના કૌશલ્યોનો વિકાસ થાય તેવી તાલીમ તેમને શાળા કક્ષાએથી જ મળે આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં ખાસ જોગવાઈ છે.ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બાળકોને વ્યવસાયિક અનુભવ મળી રહે તે હેતુથી વ્યાવસાયિક શિક્ષણનો અનુભવ કરાવવામાં આવશે. બાળક ઓછામાં ઓછો એક વ્યવસાય શીખે અને વધુમાં વધુ વ્યવસાયોથી માહિતગાર થાય અને ભારતીય કલાકારીગીરી જે વિસરાતી જાય છે તેનાથી પણ અવગત થાય અને શ્રમનું ગૌરવ કરતો થશે.

વર્ષ 2024 સુધી શાળા અને મહાશાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ મેળવનારાઓની સંખ્યા 40% જેટલી થશે તેના વિકાસ માટે લક્ષ્યો અને સમય રેખાઓ સાથેની કાર્ય યોજના સ્પષ્ટ હશે જેના દ્વારા ભારતની વસ્તીરૂપી સ્રોતોને લાભ આપવામાં મદદ કરશે. હવે પછીના દાયકામાં તમામ માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ તબક્કાવાર રીતે શૈક્ષણિક તકોના રૂપમાં સંકલિત કરવામાં આવશે. માધ્યમિક શાળાઓ આઈ.ટી.આઇ, પોલીટેકનીક, સ્થાનિક ઉદ્યોગોનો સહયોગ કરાશે. શાળાઓમાં Hub and spoke model મુજબ કૌશલ્ય પ્રયોગશાળાઓ સ્થાપી તેનો વિકાસ કરવો.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પોતાની રીતે ઉદ્યોગોનો સંપર્ક કરશે અથવા કોઈક એનજીઓની સાથે ભાગીદારીમાં વ્યાવસાયિક શિક્ષણ આપશે. ચાર વર્ષના બહુ વિદ્યાશાખાકીય સ્નાતક અભ્યાસક્રમોની સાથે બીજા અભ્યાસક્રમમાં

એડમિશન લીધેલ વિદ્યાર્થીઓ માટે પણ વ્યવસાયિક અભ્યાસક્રમો ઉપલબ્ધ રહેશે. ઉચ્ચ શિક્ષણમાં સોફ્ટ સ્કેલ સહિત વિવિધ શોર્ટટર્મ સર્ટિફિકેટ કોર્સ ચલાવવા માટે મંજૂરી આપવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે લોકવિદ્યા ભારતમાં ચાલતા વ્યવસાયોના અભ્યાસક્રમોનું એકીકરણ કરી બધા માટે સુલભ બનાવવામાં આવશે. વિદ્યાર્થીઓને વ્યવસાયિક તક મળી રહે તે માટે મુક્ત દુરસ્ત શિક્ષણના માધ્યમ દ્વારા વ્યવસાયને લગતા અભ્યાસક્રમો વિકસાવવામાં આવશે.

આગામી દાયકામાં તબક્કાવાર રીતે વ્યાવસાયિક શિક્ષણ બધી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ચલાવવામાં આવશે. વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ માટે MHRD દ્વારા રાષ્ટ્રીય કક્ષાની સમિતિ NCIVEની રચના કરી તેમાં વ્યાવસાયિક શિક્ષણના નિષ્ણાંતો અને સમગ્ર મંત્રાલયોના પ્રતિનિધિઓનો સમાવેશ કરાશે જે ઉધોગોની સાથે મળીને દેખરેખ રાખશે. સંસ્થાઓએ વ્યક્તિગત રીતે પ્રારંભિક તબક્કે નવા મોડેલ શોધી NCIVE દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થા દ્વારા કાર્ય કરી અને પછી અન્ય સંસ્થાઓ સાથે વહેંચણી કરશે, જેથી વ્યાવસાયિક શિક્ષણની પહોંચ વધારી શકાશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એપ્રેન્ટીસ્ટશીપનો પ્રયોગ કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉધોગો સાથે ભાગીદારી કરીને ઇન્કયુબેશન કેન્દ્રો સ્થપાશે પાસે દરેક વ્યવસાયિક વિદ્યા શાખા અને વ્યવસાયો માટે રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત માળખું NSQF વધુ વિગતવાર રહેશે. ભારતીય ધોરણો, આંતરરાષ્ટ્રીય પ્રમાણભૂત વ્યવસાય વર્ગીકરણ ધોરણની સાથે જોડાણમાં હશે. અપવ્ય વાળા વિદ્યાર્થીઓને ઔપચારિક પ્રણાલીમાં ફરી ગોઠવવામાં આવશે. આ જોગવાઈ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં કરવામાં આવી છે. જો આ જોગવાઈ મુજબ કામ કરવામાં આવશે તો ખરેખર ધરેલ લક્ષ્યાંકો પાર પાડી શકાશે.

**પ્રસ્તુત સમાજમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત વ્યવસાય શિક્ષણની યથાર્થતા**

અંગ્રેજોએ ભારતીય વિદ્યાર્થીની વ્યવસાય પ્રત્યેની માનસિકતા બદલી કાઢી હતી. ભારતીય વિદ્યાર્થી ફક્ત ક્લાર્ક બને અને તે વાઈટ કોલર જોબ મેળવવાના જ પ્રયાસ કરે એ અંગ્રેજોના ત્રણસો વર્ષના શાસન દરમિયાન તેમણે જે શિક્ષણ નીતિ અપનાવી હતી તેના દ્વારા થયું હતું .નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓની વ્યવસાય પ્રત્યેની સુગ, અમુક વ્યવસાય સારા કે અમુક વ્યવસાય તો ભણેલા ન કરી શકે એ માન્યતા દૂર કરશે. ગાંધીજી જણાવે છે કે **શિક્ષણ દ્વારા બાળકોની બેરોજગારીની સમસ્યાનો સમાધાન થઈ શકે જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ સાથે શિક્ષણ સંબંધ જોડી શકાય.** એ ખરેખર ખૂબ જ સાચી વાત છે આપણે શિક્ષણ જ એક એવું આપવાનું છે કે જેથી કરીને બાળકો વ્યવસાય પ્રત્યેની સુગ અથવા તો માન્યતા દૂર કરી શકે અને દરેક વ્યવસાયને માન આપી શકે આ જ વાત નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કરવામાં આવી છે. બાળકને ઉચ્ચ પ્રાથમિક શાળાથી જ એક વિષય વ્યવસાય શિક્ષણનો હોય તેમનામાં કૌશલ્ય વિકસાવવાનો હોય જેથી કરીને બાળક શિક્ષણ મેળવ્યા બાદ બેરોજગાર બેસી ન રહે, પોતાનામાં જે કૌશલ્ય છે તેનો ઉપયોગ કરીને આર્થિક સધરતા પ્રાપ્ત કરી શકે.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં તબક્કાવાર વ્યવસાય શિક્ષણ આપવાની વાત થઈ છે જે ખરેખર આવકાર્ય છે. વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી વ્યવસાયો વિશે પરિચિત થશે જેથી તેમણે જે વ્યવસાય અપનાવો હશે તે અપનાવી શકશે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ પોતાના પ્રદેશમાં ચાલતા ઉધોગો સાથે સંકલન કરશે એનજીઓની મદદ લેશે જેથી કરીને વિદ્યાર્થીઓ પોતાની નજીકમાં ચાલતા ઉધોગોમાં કામ મેળવી શકશે શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓને રોજગાર અને તાલીમ આપતી સંસ્થાઓ સાથે જોડવામાં આવશે જેથી બાળકોને વ્યવસાય પ્રત્યે સભાન બનાવી શકાશે જે તે પ્રદેશમાં ચાલતા વ્યવસાયોની તાલીમ શાળામાં અપાશે જેથી તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓ પોતે સ્વૈચ્છિક વ્યવસાય કરી શકે અથવા તો કોઈ ઉધોગો સાથે જોડાઈ શકશે. આપણે શિક્ષણ અને વ્યવસાય સાથે જોડીને સમાજને ઉપયોગી હોય તેવા વ્યવસાયિકો આપી શકીશું, જે આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ના લીધે શક્ય બની શકશે. આજે ભારતમાં જે બેરોજગારીનું પ્રમાણ ઊંચું જોવા મળે છે તે અમુક સમયે બાદ નીચું જોવા મળશે અને આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લીધે રોજગારીની ઘણી તકો ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ આત્મનિર્ભર બનતા થશે એટલે એવું કહી શકાય કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જે વ્યવસાય શિક્ષણની વાત કરવામાં આવી છે તે ખરેખર આવકાર્ય છે યોગ્ય છે અને એમાં થયેલી વાત જો અપનાવીશું તો ભારત પોતે આત્મ નિર્ભરતાના રહે આગળ વધી શકશે

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન દ્વારા જાણી શકાયું કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં શિક્ષણના નવું માળખું 5+3+3+4 અપનાવવામાં આવ્યું છે, અને આ નીતિમાં વ્યવસાય શિક્ષણ પર ભાર મુકવામાં આવ્યો છે. બાળક પ્રાથમિક શાળા થી લઇને ઉચ્ચ શિક્ષણ મેળવશે ત્યાં સુધી એને વ્યવસાયનું શિક્ષણ આપવામાં આવશે જેથી તે શિક્ષણ લીધા બાદ પોતાનો અથવા પોતાને જે રસ હોય તે પ્રકારનો વ્યવસાય કરી શકશે. બાળકને પહેલેથી જ વ્યવસાય માટે નિપુણ બનાવવામાં આવશે. જે ખરેખર આવકારદાયક બાબત છે.

## ***BIBLIOGRAPHY***


- Best J.W.(1959), Research in Education, Lift N.J.Prentice Hall Inc.
- Best J.W.(1982), Research in Education (4thed.), New Delhi: Prentice hall of India Pvt. Ltd.
- Carter V.Good (Ed.) , Dictionary of Education, , McGraw Hill Book Company, New York
- Edward, W.S.(Ed.) (1967), The Educator's Encyclopedia, New Jersy: Printice Hall, Inc., Englewood Cliffs.
- Remmer (1967), Educational Measurement and Evaluation, New York : Harper and Brothers
- Tiwari,D. Encyclopaedia Dictionary of Education, Crescent Publishing Corporation, New Delhi
- van Manen, M. (2006). Writing qualitatively, or the demands of writing. *Qualitative Health Research*, 16, 713-722.
- જોશી,ટી.(૨૦૨૦).રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, *જીવન શિક્ષણ૬૩(૯ ૧૦)* ૫૦-૫૨.